# દાંતીવાડા તાલુકાના જેગોલ ગામમાં ગેરકાયદેસર રીતે ધમધમતો ઈંટવાડો

## ઈંટવાડાની ભાગીદારીમાં પોલીસકર્મી પણ સામેલ હોવાનું મજુરોએ જણાવ્યું

દાંતીવાડા, તા. ૧

દાંતીવાડા તાલુકાના જેગોલ ગામમાં મેઈન રોડને અડીને શાળાની નજીક આવેલ ઈટવાડા પર બેખોફ બનેલા ઈટવાડાના માલિકો પોતાની વગો ધરાવી તંત્રની બોલતી બંધ કરાવી અનેક -કારે પૈસા રળવાની હાયમાં ગેરરીતિઓ આચરી રહ્યા છે, તલાટીએ પૂર્વ પરવાનગી ન લીધી હોવાનું જણાવ્યું, જયારે બધીજ બાબતે તંત્ર જાણે કયાંકને ક્યાંક આવા લોકોને સાવરવાનું કામ કરી રહ્યું છે, પહેલા આવા ઈટવાડા અંતરિયાળ અને વનવિભાગની હદોમાં ચાલવામાં આવતા હતા પરંતુ હવે જાહેરમાં ખુલ્લે આમ ચલાવાય છે !

જેગોલ ગામમાં જેગોલથી ઓઢવા જતા મેઈન રોડને અડીને બીસી ચૌધરી વિદ્યાલય નજીક ખુલ્લા ખેતરમાં નિયમોને નેવે મૂકી ઈટવાડા માલિકો દ્વારા ખુલ્લે આમ ઈટવાડો ચાલવામાં આવી રહ્યો છે, જેગોલ ગ્રામ પંચાયતના તલાટીને ટેલીફોનીક વાત કરતા તેમને જણાવ્યું હતુકે પૂર્વ પરવાનગી લેવામાં આવી નથી, પરંતુ કામ ચાલુ કર્યા બાદ ગ્રામ પંચાયતને પરવાનગી માટે એપ્લીકેસન કરેલ છે,,, આમ સદન્તરે આ ઈટવાડો પાડવા માટે કોઈ પણ જાતની પૂર્વ પરવાનગી લેવામાં આવી નથી આ ઈટવાડા ઉપર સરેઆમ રોયલ્ટી ચોરી કરી ઈટવાડા માલિકો દ્વારા લાખોની સંખ્યામાં ઈટો ખડકી દેવામાં આવી છે, સરકારના ખાન અને ખનીજ વિભાગ દ્વારા ઈટવાડો પાડવા માટે તાલુકા પંચાયતની પૂર્વ મંજુરી તેમજ -દુસણ બોર્ડ નું -માણ પત્ર , વનવિભાગનું એનોસી તેમજ પાણીના ઉપયોગ માટે વીજ કનેક્સન અલગથી લેવાનું હોય છે પરંતુ આ માલિકો દ્વારા વીજળીની પણ બેખોફ ચોરી કરવામાં આવી રઈ છે, સ્થાનિક પંચાયત સાથે મિલા પીપણું કરી સરકારની લાખો રૂપિયાની રોયલ્ટી ચોરી કરી નીમોનો ખુલ્લે આમ ભંગ કરેલ છે, તેમજ આ ઈટવાડા પર બળ મજુરો તેમજ પર-ંતીય મજુરો કામ કરી રહ્યા છે, જે બાબત સુરક્ષાની દ્રષ્ટિએ ખતરા સમાન છે માટે પોલીસે આવા ગેરકાયદેસરના ઈટવાડાઓમાં ભાગીદારી ન કરી પોતાની પોલીસ નોકરીની જવાબદારી નિભાવતા સજાકતા દાખવવી જરૂરી છે, અને આ ઈટવાડા પર આવેલ મજૂરોની પોલીસ દફ્તરે નોધણી કરી લેવી જોઈએ, હવે પણ સરકારી તંત્ર દ્વારા તાત્કાલિક નિયમોનો ભંગ કરી ચલાવાતો આ ઈટવાડો સીલ કરી માલિકો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે, કે કેમ એ હવે જોવું રહ્યું !

## પલ્લાચર ગામે દૂધ મંડળી અને સેવા સહકારી મંડળીમાં ૬૦ હજારની મતાની ચોરી

સાબરકાંઠા જીલ્લાના -ંતિજ તાલુકાના પલ્લાચર ગામે શુક્રવારે રાત્રી દરમિયાન અજાણ્યા તસ્કરોએ ત્રાટકીને ગામમાં આવેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી ની તિજોરી તોડી તેમાંથી ૫૩ ,૪૧૪ રોકડ અને સેવા સહકારી મંડળીમાંથી ઘી ના ૩૯ પાઉચ કીમત રૂ ૭૪૧૦ મળી બે મંડળીઓને નિશાન બનાવ્યા હતા જેમાં ઘી અને રોકડ સહીત ૬૦, ૮૨૪ હજારની મત્તાની ચોરી કરી લઈ જતા -ંતિજ પોલીસ મથકે શનિવારે મંડળીના દિવ્યેશભાઈ પોપટભાઈ પટેલે ફરિયાદ નોધાવી હતી.

# ચોરીની કબુલાત કરાવવા પેટ્રોલપંપના કર્મીને પોલીસે ઢોર માર મારતા ઉચ્ચકક્ષાએ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧

ખેડબ્રહ્મા તાલુકાના ચેખલા ગામ નજીક હાઈ-વે પરના પેટ્રોલપંપના કેશ કાઉન્ટરમાં થયેલી ચોરીની બળજબરીપૂર્વક કબુલાત કરવા પોલીસ સ્ટેશન લઈ જઈ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલે પેટ્રોલના કર્મી મહેશ ડાભીને ઢોર માર મારવાની ફરિયાદ ઉઠવા પામી છે. ઈજાગ્રસ્ત યુવાનને લોહીલુહાણ હાલતમાં ખેડબ્રહ્મા સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. પેટ્રોલ પંપના કર્મીએ બે પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ ફરિયાદ આપી પોલીસ કાર્યવાહી કરવા માંગ કરી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના ચીખલા ગામના મહેશ ભગાભાઈ ડાભી નામનો યુવક હાઈ-વે પરના પેટ્રોલ પંપ પર ઈંધણ ભરવાનું કામ કરે છે. ગત ૨૫મીના રોજ બપોરે ૧૨ થી ૫ ની નોકરી દરમિયાન અન્ય માણસ દિલીપ કાળુ ભડાને કેશ કાઉન્ટરની ચાવી આપી નોકરી પરથી ઉતરી ગયો હતો પરંતુ કલાક પછી છુટા પૈસાની જરૂરીયાત ઉભી થતા ઓફિસમાં જઈ જોતા ગુંદેલસના બીપીન પટેલ તેમજ લાલાભાઈ બોરવેલવાળા ઓફિસમાં બેઠા હતા. તે સમયે અન્ય કર્મચારી દિલીપ ઓફિસના દરવાજા સામે ઉભો હતો. તે વખતે તમામની હાજરીમાં ટેબલનું ડ્રોવર ખોલતા પેટ્રોલ પંપની કેશ ગાયબ જોવા મળી હતી. તેથી ચાવી આપી જનાર રણજીતને ફોન કરી બોલાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ફોન બંધ હતો આથી પોલીસને આ મામલે જાણ થતા પોલીસે મહેશ ડાભી અને રણજીતને પોલીસમથક લઈ ગઈ હતી. જ્યાં મહેશ ડાભીને બે કોન્સ્ટેબલે ઢોર માર મારી બળજબરીપૂર્વક ચોરીની કબુલાત કરવા જણાવ્યું હતું. પોલીસની મારથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહેશને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે મહેશના પરિવારજનોએ ઢોર માર મારવા બદલ અને બળજરીપૂર્વક ચોરીની કબુલાત કરાવવા બે પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ ફરિયાદ કરવા જિલ્લા પોલીસ વડા ગૃહમંત્રી અને મામલતદાર કચેરીએ ફરિયાદ કરી ન્યાયની માંગ કરી હતી.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

### યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ ઈડરમાં બ્રાઝિલના શિક્ષિકા અંગ્રેજી શીખવી રહ્યા છે


યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ ઈડર ગ્રામ્ય વિસ્તારના બાળકોને આંતરરાષ્ટ્રીય અનુભવો સાથેનું શિક્ષણ આપતી વિશિષ્ટ સ્કુલ છે. હાલમાં બ્રાઝીલથી આવેલ અંગ્રેજીના શિક્ષિકા, કુમારી મરીઆના યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલના ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમના વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવી રહ્યા છે. અંગ્રેજીમાં વ્યાકરણ શબ્દભંડોળ અને વાતચીત કરવાની કલા વિદેશી શિક્ષિકા સાથે શીખવામાં વિદ્યાર્થીઓ ખુબ સારો રસ દાખવી રહ્યા છે. ગુજરાતી માધ્યમના બાળકોને અંગ્રેજીમાં આત્મવિશ્વાસ સાથે વાતચીત કરાવવા આ પ્રયોગ ખુબ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે. રોટરી ઈન્ટરનેશનલના, એનજીએસસી ન્યુ જનરેશન સર્વિસ એકસચેન્જ પ્રોગ્રામ અંતર્ગત છે. અઠવાડિયા સુધી મરિઆના યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે અંગ્રેજી ભણાવવાના છે. ઈડરમાં તેમની રહેવા જમવાની વ્યવસ્થા ડેન્ટીસ્ટ શ્રી જે.એમ. મિસ્ત્રી સાહેબ દ્વારા કરવામાં આવી છે.

# શિક્ષણ ક્રાંતિને નવી ગતિ

અમદાવાદ, તા. ૧

સંસ્થાના પ્રમુખ અને રાજય આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે આ ત્રિવિધ સમારોહમાં સૌને આવરારતા જણાવ્યું કે શિક્ષણ સંસ્કાર સમાજમાં ખાસ કરીને કન્યાઓ અને ગરીબો પછાત વર્ગોમાં સિંચિત કરવા રાજય સરકારે મહિલા મુખ્યમંત્રી આનંદી બહેનના ગતિશીલ નેતૃત્વમાં જે નવિવતન પહેલ કરી છે તેની યશકલગીમાં વધુ એક છોગું આ લોકાર્પણ-ઉદઘાટનથી ઉમેરાયું છે.

તેમણે કોગ્રેસ રાજય ભૂતકાળમાં શિક્ષણની મર્યાદિત સવલતો સામે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના ગુજરાતના મુખ્યમંત્રીપદના કાર્યકાળમાં થયેલા આમૂલ પરિવર્તનની શિક્ષણ ક્રાતિને હવે શિક્ષક મુખ્યમંત્રી ની નવી ગતિ આપી રહ્યા છે તેની વિશદ છણાવટ કરી હતી. નીતિનભાઈએ વિદેશમાં વસતા દાતાઓએ માતૃભૂમિમનું ઋણ આ સંકુલમાં માતબર દાન આપી અદા કર્યું છે તેનો આંનદ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી અને મહાનુભાવોએ આ સંકુલમાં વિવિધ દાન સખાવતી વગાવનારા દાતાઓનું સન્માન પણ પાટીદાર પરિવારોની વિશાળ ઉપસ્થિતિમાં કર્યુ હતું. આ સમગ્ર સમારોહ શિક્ષણ-સેવા-સંસ્કારની સુવાસ સાથે સખવાતભાવને ઉજાગર કરતો સમારોહ બન્યો હતો.



પ્રાંતિજની ભાગોળ પટેલ વાસ પાસે સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે તેરસની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિશ્વકર્મા સમાજના બંધુઓ જોડાયા હતા. કાર્યક્રમમાં હવન, પૂજન, મહા-આરતી અને અભિષેક કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પુંસરી ગામે સ્વ. નટુભાઈ ચૌધરીની પ્રતિમાનું મંત્રી હરિભાઈ ચૌધરીના હસ્તે અનાવરણ કરાયું

તલોદ, તા. ૧

તલોદ તાલુકાના પુંસરી ગામે વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ યુગ પુરુષ સ્વ. નટુભાઈ ચૌધરીની પ્રતિમાનું અનાવરણ કર્યુંહતું.

કેન્દ્રીયમંત્રી હરિભાઈ ચૌધરીએ સભાને મંચ ઉપરથી સંબોધતા જણાવ્યું હતું કે જ્યારે જ્યારે દેશ ઉપર સંકટ આવે છે ત્યારે યુગ પુરૂષ પોતાની શક્તિ સાથે બહાર આવી જાય છે. તેવા જ સ્વ. નટુભાઈ ચૌધરી હતા. આ પ્રસંગે સ્વ. નટુભાઈ ચૌધરીની અદ્ય પ્રતિમા એસ.ટી. સ્ટેન્ડ નજીક પુંસરી ગામમાં જવાના ગેટ નજીક મુકવામાં આવી છે. જેમાં સાંસદ દિપસિંહ રાઠોડ, દેવુસિંહ ચૌહાણ, પૃથ્વીરાજ પટેલ, શાંતાબેન પટેલ, નેહાબેન પટેલ, હરિભાઈ શેઠ, વી.ડી. ઝાલા, જયસિંહ ચૌહાણ, દેવેન્દ્રભાઈ પટેલ, ડૉ. ધવલ પટેલ, નટુભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

# ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભામાં વિરોધ પક્ષનો બહિષ્કાર

## ચીફ ઓફીસરને ૧૪ મુદ્દાની યાદી આપી

ખેડબ્રહ્મા, તા.૧

ખેડબ્રહ્મા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને ૧૪ મુદ્દાઓના નિરાકરણ માટે અલ્ટીમેટમ સામાન્ય સભાનો બહિષ્કાર કરતા બેઠકમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો

નગરપાલિકામાં સામાન્ય બેઠક યોજાઈ હતી. જેમાં નગરપાલિકા વિરોધ પક્ષના નેતા અને ચીફ ઓફિસરને ઘર આગળ નંબર પ્લેટ લગાવવા, સત્તાધારી પક્ષ દ્વારા ગેરકાયદેસર પાણીના કનેક્શન આપવામાં આવી રહ્યા છે. બાંધકામની ગેરકાયદેસરની મંજુરી આપવા, કુવા માટેના ઠરાવ કરવા, પાણીની લાઈન આપવા, મુખ્ય રસ્તાઓ મજબુત બનાવવા ગરનાળુ બનાવવા, સિવિલ કોર્ટની બાજુમાં બનાવેલ માર્કેટની હરાજી કરવા, ફિલ્ટર પ્લાન્ટ બનાવવા, સ્મશાનમાં ઘાટ બનાવવા, નદીનું પુરાણ કરવા, જાહેર રસ્તાઓના દબાણો દુર કરવા વગેરે મુદ્દાઓની લેખિતમાં રજુઆત કરી હતી અને સત્વરે આ મામલે કાર્યવાહી કરવા જણાવ્યું હતું. અન્યથા આગામી સમયમાં ગાંધી માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## પલ્લાચર દૂધ મંડળીમાં રાત્રી દરમિયાન તસ્કરો ત્રાટકયા

### ઘીના પાઉચ સહિત કુલ ૬૦૮૨૪ની ચોરી થયાની ફરિયાદ

પ્રાંતિજ, તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે આવેલ દૂધ મંડળી તથા સહકારી મંડળીમાં રાત્રિ દરમિયાન અજાણ્યા તસ્કરોએ તાળા તોડી કુલ ૬૦૮૨૪ ની મતાની ચોરી કરી પલાયન થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ગામમાં આવેલ દૂધ મંડળી તથા સહકારી મંડળીના રાત્રીના સમયે તાળા તોડી અંદર પ્રવેશ કરી ઘીના પાઉચ નંગ ૩ કે જેની કિંમત રૂપિયા ૭૪૧૦ અને તિજોરીમાં પડેલ ૫૩૪૧૪ રોકડ રકમ સહિત કુલ ૬૦૮૨૪ કોઈ અજાણ્યા તસ્કરો દ્વારા ચોરી કરી પલાયન થતાં મંડળીના ચેરમેન દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર ફરિયાદ નોંધાવતા પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે જઈ આગળની તપાસ હાથ ધરી છે.

# ભાગ્યલક્ષ્મી નર્સિંગ સ્કૂલ અને કોલેજમાં શપથ સમારોહ યોજાયો



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ભાગ્યલક્ષ્મી નર્સીંગ સ્કૂલ અને ભાગ્યલક્ષ્મી નર્સીંગ કોલેજમાં અભ્યાસ કરતી બહેનોનો શપથ સમારોહ યોજાયો હતો.

મોડાસા શહેરના માલપુર રોડ પર સાકરીયા ગામની નજીક આવેલી ભાગ્યલક્ષ્મી નર્સીંગ સ્કૂલ અને ભાગ્યલક્ષ્મી નર્સીંગ કોલેજની તાલીમાર્થી બહેનોનો શપથ સમારોહ યોજાયો હતો. આ શપથ સમારોહમાં ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ શપથગ્રહણ કર્યા હતા. આ શપથ સમારોહમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખ નેહાબેન પટેલ, સાબરકાંઠાના પૂર્વ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણ અને સમાજ સેવી નિલેષભાઈ જોષી (જીવદયા પ્રેમી)ની હાજરીમાં નર્સીંગની બહેનોએ સાંસ્કૃતિક પોગ્રામ સાથે શપથવિધિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ભાગ્યલક્ષ્મી સ્કૂલ ઓફ નર્સીંગ અને કોલેજના પ્રમુખ ડૉ. અશ્વિનભાઈ પટેલ અને મંત્રી મહેન્દ્રભાઈ પટેલે સૌનુ સ્વાગત કર્યું હતું. અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે જણાવ્યું હતું કે સેવાકાર્યમાં જોડાયેલી બહેનો પોતાની નિષ્ઠાથી કામ કરશે તો સમાજના પીડાતા માણસોને લાભદાયી થશે. અને આપની સેવાની કદર સમાજ પણ કરશે. અંતમાં નર્સીંગ સ્કૂલના પ્રીન્સીપાલ રોબિન થોમસે સૌનો આભાર દર્શન કરી કાર્યક્રમને સમાપન કર્યો હતો.



## અરવલ્લી જિલ્લા પંચાયતમાં જયંતિભાઈ પટેલ (મુખી) કારોબારી અધ્યક્ષ

અરવલ્લી જિલ્લાની રચના બાદ થયેલ જિલ્લા પંચાયતની રચનામાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે જયંતિભાઈ પટેલ (મુખી)ની વરણી થતાં સમગ્ર વડાગામમાં ખુશાલીનો માહોલ સર્જાયો હતો.

# દંતોડ નજીક પીકપ ડાલાની ટક્કરે રાહદારીનું મોત

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના દંતોડ નજીક શનિવારે મોડી સાંજે રોડ પર ચાલતા રાહદારીને પીક્પ ડાલા ની ટક્કર વાગતા મોત નીપજયું હતું અકસ્માત અંગે વિજયનગર પોલીસ મથકે મોડી રાત્રે જીપ ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે મસોતા ગામના મગનભાઈ નેમાજી ડામોર શનિવારે મોડી સાંજે દંતોડ ગામ નજીક થી ચાલતા પસાર થતા હતા ત્યારે દૂધની ડેરીનું વાહન પીક્પ ડાલા ના ચાલકે બેફામહંકારી મગનભાઈને ટક્કર મારી ગંભીર ઈજાઓ કરી સ્થળ પર મોત નીપજાવી નાસી ગયેલ જે અંગે વિજયનગર પોલીસ મથકે મોડી રાત્રે મસોતા ના પોપટભાઈ મગનભાઈ ડામોરે ફરિયાદ નોધાવતા પોલીસે પીક્પ ડાલા ના ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦